# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-02-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

1) જૂનાગઢ મહાનગરપાલિકા 66 નગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આવતીકાલે મતદાન. મતદાન મથકો પર 10 હજારથી વધુ પોલીસ જવાનો તૈનાત.
2) સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના મતદાન માટે મતદાન મથકો પર EVM સહિતની ચૂંટણી સામગ્રી મોકલાઈ
3) રાજ્યમાં ખેડૂતો પાસેથી અત્યાર સુધીની સૌથી વધુ 12 લાખ 23 હજાર મેટ્રીક ટન મગફળી ટેકાના ભાવે ખરીદાઈ
4) રાજ્યમાં સર્જાયેલા વિવિધ અકસ્માતોમાં 6 લોકોના મોત
5) મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગમાં આજે વડોદરામાં મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOCAL BODY ELECTION-1

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા , 66 નગરપાલિકા તેમજ ગાંધીનગર, કઠલાલ અને કપડવંજ તાલુકાના પંચાયતની સામાન્ય ચૂંટણી અને વિવિધ સ્થાનિક સ્વરાજ્યની મધ્યસ્થ તેમજ પે ટા ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાશે. આ ચૂંટણીમાં 213 બેઠકો બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારો ચૂંટણી લડશે. આવતીકાલે સવારે 7 થી સાંજે 6 વાગ્યા સુધી મતદાન થશે. 18 ફેબ્રુઆરીએ મતગણતરી થશે. પારદર્શી અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાય તે માટે દસ હજારથી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યાં છે.

જૂનાગઢ મહાનગરપાલિકાની 52 બેઠકો પર ચૂંટણી યોજાશે જેમાં 157 ઉમેદવારો મેદાનમાં છે. સાંભળીએ જૂનાગઢના અમારા પ્રતિનિધિનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ: સંજીવ મહેતા, પ્રતિનિધિ)

સામાન્ય ચૂંટણી હેઠળની 66 નગરપાલિકાના 461 વોર્ડ પૈકી 24 વોર્ડ સંપૂર્ણ બિનહરીફ થયા. કુલ 1 હજાર 844 બેઠકોમાંથી 167 બેઠકો બિનહરીફ થ તાં 1 હજાર 677 બેઠકો પર ચૂંટણી યોજાશે આ માટે કુલ 7 હજાર 374 ઉમેદવારો મેદાનમાં છે. આ ઉપરાંત ગાંધીનગર , કઠલાલ તથા કપડવંજ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી અંતર્ગત 178 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

મતદાન મથકે મત આપવા જતાં મતદારે ભારતના ચૂંટણી પંચે આપેલ મતદાર ઓળખપત્ર રજૂ કરવાનું થશે. જો મતદાર ઓળખપત્ર રજૂ ન કરી શકે તો રાજ્ય ચૂંટણી પંચે નક્કી કરેલ 14 ફોટો સાથેના દસ્તાવેજો પૈકીનો કોઈ એક પુરાવો રજૂ કરી શકાશે.

બોટાદ નગરપાલિકામાં 44 બેઠકોમાંથી 10 બેઠક બિનહરીફ થતા 34 બેઠક માટે આવતીકાલ મતદાન થશે. 77 મતદાન મથકો પર ચૂંટણી સાહિત્ય અને EVM સહિતની સામગ્રી પહોંચાડવામાં આવી છે. આ અંગે બોટાદના મુખ્ય ચૂંટણી અધિકારી આરતી ગોસ્વામીએ વધુ માહિતી આપી...1

**(બાઈટ: આરતી ગોસ્વામી - બોટાદ મુખ્ય ચૂંટણી અધિકારી)**

# LOCAL BODY ELECTION-2

મહીસાગર જિલ્લાની બાલાસિનોર , લુણાવાડા અને સંતરામપુર નગરપાલિકાઓમાં અને ખાનપુર તાલુકા પંચાયતની કનોડ બેઠક માટે આવતીકાલે મતદાન માટે વિવિધ જગ્યાઓ પરથી EVM ડિસ્પેચિંગની કામગીરી કરાઇ. જિલ્લામાં 98 બુથ પર મતદાન યોજાશે , જેમાં 72 સંવેદનશીલ બુથ છે અને 26 બૂથને અતિ સંવેદનશીલ જાહેર કરાયા છે

છોટાઉદેપુર નગરપાલિકાની 7 વોર્ડની 28 બેઠકો માટે મતદાન યોજાશે. જેમાં 21 હજાર 767 જેટલા મતદારો મતદાન કરશે.

ડાંગ જિલ્લા પંચાયતની કડમાળ બેઠકની પેટા ચૂંટણીમાં કુલ 14 હજાર 257 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

. . . . . . . . . . . . .

# RAGHAVJI PATEL – MAGFALI

રાજ્ય સરકાર દ્વારા ખેડૂત પાસે અત્યાર સુધીમાં સૌથી વધુ બાર લાખ તેવીસ હજાર મેટ્રીક ટન મગફળીની ટેકાનાં ભાવે ખરીદી કરવામાં આવી છે.

આ અંગે વધુ માહિતી આપતાં, કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે ખરીદી બાદ માત્ર સાત દિવસમાં ખેડૂતોને 6 હજાર 600 કરોડ રૂપિયાનું ચૂકવણું કરાયું છે. તેઓએ જણાવ્યું કે 270 કરોડ રૂપિયાના મૂલ્યની 55 હજાર 213 મેટ્રિક ટન સોયાબીનની ટેકાના ભાવે ખરીદી પણ કરાઇ છે.

(બાઈટ – રાઘવજી પટેલ, કૃષિ મંત્રી)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# ACCIDENT

રાજ્યમાં બે જિલ્લામાં થયેલા માર્ગ અકસ્માતમાં છ લોકોનાં મોત નિપજ્યાં છે. જ્યારે નવ વ્યકિતીઓ ઈજાગ્રસ્ત થયાં છે.

દાહોદ જિલ્લામાં ગઈકાલે મધરાત્રે લીમખેડા પાસે થયેલા ગમખ્વાર અકસ્માતમાં ચાર શ્રદ્ધાળુઓના મોત થયાં છે. જ્યારે આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પ્રયાગરાજનાં મહાકુંભમાંથી પરત ફરી રહેલા ગુજરાતનાં શ્રદ્ધાળુઓની કાર લીમખેડા નજીક હાઈ-વે પર ઉભી રહેલી ટ્રક સાથે અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. તેમાં એક મહિલા સહિત ચાર જણનાં ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતાં.

પોલીસનાં જણાવ્યાં મુજબ મૃત્યુ પામેલા શ્રદ્ધાળુઓ ભરૂચ જિલ્લાનાં અંકલેશ્વરનાં અને અમદાવાદનાં ધોળકાનાં હતાં.

સુરતમાં પારલે પોઇન્ટના બ્રિજ પર મોટર સાયકલ ડિવાઈડર સાથે અથડાતા ત્રણ યુવાનો ઇજાગ્રસ્ત થયા હતા. જેમાં બે યુવાનોના ટૂંકી સારવાર બાદ મોત થયા.

. . . . . . . . . . . . .

# CM RERA WEB PORTAL

ગુજરાત રિયલ એસ્ટેટ એપેલેટ માટેનાં રેરા ટ્રિબ્યુનલની કાર્યવાહી હવે ઓનલાઈન થશે. આ માટેના great.gujarat.gov.in વેબ પોર્ટલનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં શુભારંભ કર્યો. આ વેબ પોર્ટલના માધ્યમથી અપીલ ફાઇલિંગ અને નોંધણી , ફી અને ડિપોઝિટની ઓનલાઈન ચુકવણી , અપીલની ચકાસણી અને પ્રશ્નોનું સમાધાન, હદ-ગણતરી અને વિલંબિત માફી માટેની અરજી સહિતની 17 કામગીરી ઓનલાઈન થશે.

. . . . . . . . . . . . .

# CM CASTOR CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે **રાજ્ય સરકારે એરંડાના ઉત્પાદન અને નિકાસની સાથે નવી ટેક્નોલોજી અને સંશોધન દ્વારા ઉત્પાદન ક્ષમતા વધારવા પ્રાથમિકતા આપી છે.** આજે ગાંધીનગરમાં એરંડાના પાક અને ઉદ્યોગ અંગેની વૈશ્વિક પરિષદનું ઉદ્ઘાટન પ્રસંગે શ્રી પટેલે આમ જણાવ્યું. આ પ્રસંગે **ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે દેશભરમાં ગુજરાત 85 ટકા કરતા વધુ એરંડાનું ઉત્પાદન કરતું રાજ્ય છે.**

. . . . . . . . . . . . .

# ARAVALLI COURT VERDICT

અરવલ્લી જિલ્લા સેશન્સ અદાલતે દુષ્કર્મના કેસમાં આરોપીને 20 વર્ષની સજા ફરમાવી છે. વર્ષ 2023માં મેઘરજ પંથકમાં આરોપીએ એક સગીરા સાથે દુષ્કર્મ કર્યું હતું. આ અંગે સરકારી વકીલ ડી.એસ.પટેલે વધુ માહિતી આપી.

(બાઇટ: ડી.એસ.પટેલ, સરકારી વકીલ)

. . . . . . . . . . . . .

# WPL

મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગમાં આજે વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે.

દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . . . .

# PUNJAB – DEPORTEES

અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશેલા અને ત્યાંની સરકારે ભારત પાછા મોકલેલા સો થી વધુ ભારતીયોને લઇને અમેરિકાનું ખાસ વિમાન આજે રાત્રે પંજાબના અમૃતસર વિમાનમથકે પહોંચશે.

આજે પાછા સ્વદેશ ફરી રહેલા ભારતીયોમાં  ગુજરાતનાં અંદાજિત દસ વ્યકિતઓ ઉપરાંત પંજાબના 60થી વધુ જ્યારે હરિયાણાના 30થી વધુ નાગરિકો છે. એવી જ રીતે વધુ ભારતીયોને લઇને ત્રીજું વિમાન આવતીકાલે અમૃતસર આવી પહોંચે તેવી સંભાવના છે.

. . . . . . . . . . . . . .

# PATAN - TAX COLLECTION

પાટણ જિલ્લામાં ગેરકાયદે ખનન સામે ચાલુ નાણાકીય વર્ષમાં 236 કેસ નોંધીને 6 કરોડ રૂપિયાથી વધુના દંડની વસૂલાત કરવામાં આવી. ગત નાણાકીય વર્ષમાં 266 રેતી ઉત્ખનનના કેસ નોંધીને 2 કરોડથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો હતો. ખાણ-ખનીજ વિભાગ દ્વારા વર્ષ 2025-26 માટે દંડ વસૂલાતના લક્ષ્યાંકને વધારીને 7 કરોડ સુધી પહોંચાડવાનો નિર્ણય કર્યો છે.

. . . . . . . . . . . . .